# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલા ઉમેદવારો માટે પ્રવેશ કાયમ (Confirm) કરાવવા બાબતે અગત્યની સૂચના

ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોના પ્રથમ રાઉન્ડમાં જે ઉમેદવારોને પ્રવેશ ફાળવવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓએ :-
(૧) જે વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત સમયમર્યાદામાં (તા. ૨૬-૦૬-૨૦૧૯ થી તા. ૦૧-૦૭-૨૦૧૯) સુધી જરૂરી ટ્યુશન ફીની રકમ રોકડમાં **ICICI** બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમાં કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login ID માંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.
(૨) જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં લોગઈન આઈડીની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં અને આવા ઉમેદવારો ત્યારબાદનાં પ્રવેશનાં તબક્કામાં, ભાગ લઈ શકશે પરંતુ તે જ બેઠક ઉપર પ્રવેશનાં હકદાર રહેશે નહીં.

હવે જો પ્રવેશ મેળવેલ ઉમેદવાર તેઓને ફાળવાયેલ પ્રવેશ અપગ્રેડ કરવા ઈચ્છતા ન હોય અને ત્યારબાદનાં પ્રવેશ રાઉન્ડ (રીસફલીંગ) માં ભાગ લેવા ઈચ્છતા ન હોય તો, તેઓએ પ્રવેશ ફાળવાયેલ સંસ્થા ખાતે એનરોલમેન્ટ માટે "Information Letter", "Admission Slip" બેન્ક ચલણ/ઓનલાઈન ફી રિસિપ્ટ તથા પ્રમાણપત્રોની નકલ સાથે હાજર થઈ શકશે. **સંસ્થા ખાતે ઉમેદવારે અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે નહીં. જ્યાં સુધી પ્રવેશ સમિતિ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા અંગે જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી ઉમેદવારે સંસ્થા ખાતે કોઈપણ પ્રકારની ફી કોઈ મથાળા હેઠળ ભરવાની રહેશે નહીં.**

**તા. ૨૬-૦૬-૨૦૧૯** **— મેમ્બર સેક્રેટરી**